GJBH070004082024

**ફોર્મ–એ**

---

**મહે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (રવિકુમાર આર. પરમાર)**
**સાહેબશ્રીની કોર્ટમાં, મુ. આમોદ, જિ. ભરૂચ**

---

(ચુકાદાની તારીખઃ– ૦૮/૦૮/૨૦૨૬)

**ફોજદારી કેસ નં. – ૩૨૫/૨૦૨૪**

આમોદ પોલીસ સ્ટેશન ગુના રજી. નં. સેકન્ડ–૫૩/૨૦૧૪

ફરીયાદી ઃ– **શ્રી સરકાર**
ફરીયાદ પક્ષ તર્ફે વિધ્વાન એ.પી.પી.શ્રી. વી.જી.દેસાઇ
ખાનગી વકીલશ્રી એસ.વાય. પટેલ

**વિરૂદ્ધ**

આરોપી ઃ– **ક્રિરપાલસિંહજી ઉર્ફે બકુ વિરેન્દ્રસિંહજી ઝાલા**
રહે. બી–૫, શબનમ એપાર્ટમેન્ટ, એમ.એસ.ડબલ્યુ.
કોલેજ પાસે, ફતેગંજ, વડોદરા.
આરોપી તર્ફે વિધ્વાન વકીલશ્રી એમ.વી. રાણા

**ફોર્મ–બી**

| | |
|---|---|
| ગુનાની તારીખ | તા. ૨૫/૦૯/૨૦૧૪ |
| એફ.આઇ. આર. ની તારીખ | તા. ૦૨/૧૦/૨૦૧૪ |
| પુરવણી ચાર્જશીટ તારીખ | તા. ૨૧/૦૩/૨૦૨૪ |
| તહોમતનામુ ઘડ્યા તારીખ | તા. ૦૮/૦૫/૨૦૨૪ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | તા. ૧૭/૧૦/૨૦૨૫ |

**(રવિકુમાર આર.પરમાર)**
**જ્યુડી. મેજી. ફ.ક., આમોદ .**

| | |
|---|---|
| ચુકાદા પર રાખ્યા તારીખ | તા. ૧૫/૦૫/૨૦૨૬ |
| ચુકાદા તારીખ | તા. ૦૮/૦૮/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | – |

**<u>આરોપીઓની વિગતઃ–</u>**

| ક્રમ | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર મુક્ત કર્યા તારીખ | આક્ષેપિત ગુના | છોડી મુકેલ છે કે સજા કરેલ છે. | કરવામાં આવેલ સજા | ફો.કા.સં. ની કલમ–૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ક્રિરપાલ સિંહજી ઉર્ફે બકુ વિરેન્દ્ર સિંહજી ઝાલા | – | – | આઇ.પી.સી. ની કલમ–૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ | છોડી મુકેલ છે. | – | – |

**<u>ફોર્મ "સી"</u>**

**એ. ફરીયાદપક્ષ તર્ફે સાહેદોનું તથા દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટઃ–**

| અનુ. નં. | આંક | સાહેદ તથા દસ્તાવેજ નું નામ |
|---|---|---|
| ૧. | ૦૮ | અંજુમન સરફરાજ રાણા ની જુબાની |
| ૨. | ૦૯ | ફરીયાદની ખરી નકલ |
| ૩. | ૧૧ | શાહીનબેન અજીતસિંહ ગોહીલ ની જુબાની |

(રવિકુમાર આર.પરમાર)
જ્યુડી. મેજી. ફ.ક., આમોદ .

| | | |
|---|---|---|
| ૪. | ૧૨ | આરોપીના શરીર સ્થિતિનું પંચનામું |
| ૫. | ૧૩ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૬. | ૧૫ | ત.ક. અમલદાર અંબારામ કાશીરામ ની જુબાની |

**બી. આરોપીપક્ષ તર્ફે કોઇ પુરાવો આવેલ નથી.**

(રવિકુમાર આર.પરમાર)
જ્યુડી. મેજી. ફ.ક., આમોદ .

सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૬/૦૪/૨૦૨૪ | | |
| નોંધ્યા તારીખ | ૦૬/૦૪/૨૦૨૪ | | |
| ફેંસલ કર્યા તારીખ | ૦૮/૦૮/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૪ | ૦૨ |

---

**મહે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (રવિકુમાર આર. પરમાર)**
**સાહેબશ્રીની કોર્ટમાં, મુ. આમોદ, જિ. ભરૂચ**

---

**ફોજદારી કેસ નંબરઃ– ૩૨૫/૨૦૨૪**
**આંકઃ–**

ફરીયાદી ઃ– **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

આરોપી ઃ– **કિરપાલસિંહજી ઉર્ફે બકુ વિરેન્દ્રસિંહજી ઝાલા**
રહે. બી–૫, શબનમ એપાર્ટમેન્ટ, એમ.એસ.ડબલ્યુ.
કોલેજ પાસે, ફતેગંજ, વડોદરા.

---

**ગુનો –ભારતીય દંડ સંહિતાની કલમ– ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ**

---

ફરીયાદ પક્ષ તર્ફે વિધ્વાન એ.પી.પી.શ્રી. વી.જી.દેસાઇ
ફરીયાદી તર્ફે ખાનગી વકીલશ્રી વિધ્વાન વકીલશ્રી એસ.વાય. પટેલ
આરોપી તર્ફે વિધ્વાન વકીલ શ્રી એમ.વી. રાણા

---

**(રવિકુમાર આર.પરમાર)**
**જ્યુડી. મેજી. ફ.ક., આમોદ .**

**//ચૂકાદો //**

**(૧)** સદર કેસની ટુંકી વિગત એ મુજબ છે કે, સદર કેસ પુરવણી ચાર્જશીટ ના રૂએ દાખલ થયેલ ફોજદારી કેસ હોય. સદર ગુના સબબ આ અગાઉ આરોપીઓ (૧) સરફરાજ ઈશ્વરસિંહ રાણા અને (૨) ઈશ્વરસિંહ રાયસિંહ રાણા નાઓ વિરૂધ્ધ મુળ ચાર્જશીટ નામદાર કોર્ટમાં રજુ થયેલ. જેના પર નામદાર કોર્ટે સંજ્ઞાન લઈ તેને ફોજદારી કેસ નં. ૩૬૭/૨૦૧૫ તરીકેનો આપવામાં આવેલ. સદર કેસમાં નામદાર કોર્ટે પુરાવો નોંધી તા. ૦૩/૧૧/૨૦૨૩ ના રોજ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ જાહેર કરેલ. ત્યારબાદ આરોપી (૩) ઝાહેદાબેન ઉર્ફે બૈગુ સરફરાજ રાણા નાઓ વિરૂધ્ધ એક અન્ય પુરવણી ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ. જેના પર સંજ્ઞાન લઈ ફોજદારી કેસ નં. ૩૦૬/૨૦૧૭ તરીકેનો આપવામાં આવેલ. જે કામે નામદાર કોર્ટે તા. ૦૩/૧૧/૨૦૨૩ ના રોજ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ જાહેર કરેલ. વળી, સદર કામના આરોપી પોલીસને પકડવાના બાકી હોય, જેથી સદર આરોપીનું નામ ફોજદારી કેસ નં. ૩૬૭/૨૦૧૫ અને ૩૦૬/૨૦૧૭ માં પેરા નં. ૧૨ માં જણાવવામાં આવેલ.

**(૨)** હવે જો ફરીયાદપક્ષના કેસની હકિકત વિશે ટુંકમાં ચર્ચા કરવામાં આવે તો, ફરીયાદી અંજુમન સરફરાજ રાણા ના લગ્ન તા. ૨૧/૦૫/૨૦૦૪ ના રોજ સહ આરોપી સરફરાજ રાણા નાઓ સાથે થયેલ. તેઓને સંતાનમાં એક દિકરો અને દિકરી છે. લગ્નના થોડા સમય બાદ તેઓના પતિ અને સાસરી પક્ષના માણસોએ તેઓને શારીરિક અને માનસિક ત્રાસ આપતા ફરીયાદીએ તેઓના વિરૂધ્ધ એક ફરીયાદ કરેલ. જેનો કેસ આમોદ કોર્ટમાં ચાલુ હોય. ફરીયાદીના સાસરીપક્ષના માણસોને તથા ફરીયાદીના પતિને ફરીયાદીની ફોઈ સાસુની દિકરી સાથે લગ્ન કરાવવાના હોય, તેથી ફરીયાદી સાથે છુટાછેડા લેવાનું જણાવતા હતા. તા. ૨૫/૦૯/૨૦૧૪ ના રોજ ફરીયાદીના આમોદ કોર્ટમાં મુદ્દત હોવાથી ફરીયાદી અને તેઓની બહેન સાઈનબેન અજીતસિંહ ગોહેલ નાઓ કોર્ટમાં ગયેલા અને મુદ્દત પુરી કરી

**(રવિકુમાર આર.પરમાર)**
**જ્યુડી. મેજી. ફ.ક., આમોદ.**

આમોદથી ઘરે જવા નિકળેલ તે વખતે આમોદ કોર્ટ બહાર રસ્તામાં તેઓને સહ આરોપીઓ સરફરાજ ઈશ્વરસિંહ રાણા તથા ઈશ્વરસિંહ રાણા તથા ઝાહેદા ઉર્ફે બૈગુ વિરેન્દ્રસિંહ ઝાલા તથા આ કામના આરોપી કિરપાલસિંહ નાઓ ફરીયાદીને મળેલ અને ગમે તેમ ગાળો બોલી કહેવા લાગેલ કે, "તેં અમારા વિરૂધ્ધ નામદાર આણંદ અને આમોદ કોર્ટમાં કેસો કરેલ છે. તે કેસો પાછા ખેંચી લે. અમારે સરફરાજના લગ્ન ઝાહેદા સાથે કરવાના છે. સરફરાજ સાથે તારે કોઈ લેવા–દેવા નથી અને જો તુ કેસો પાછા નહીં ખેંચે તો અમો તને તથા તારા બાળકોને જાનથી મારી નાંખીશું." અને આમ બોલતા બોલતા આ ચારેય જણા ત્યાંથી જતા રહેલ. વધુમાં જે તે વખતે ફરીયાદી ગભરાઈ ગયેલ હોય અને આરોપીઓ માથાભારે માણસો હોય, જેથી ફરીયાદીએ આરોપીઓ વિરૂધ્ધ આમોદ મુકામે ફરીયાદ આપેલી નહી. જેથી સમજી વિચારીને તા. ૦૨/૧૦/૨૦૧૪ ના રોજ આણંદ રૂરલ પો.સ્ટે. ખાતે ફરીયાદીએ સદર કામની ફરીયાદ આપેલ. ફરીયાદીની ફરીયાદ અન્વયે આણંદ રૂરલ પો.સ્ટે. દ્વારા તા. ૦૨/૧૦/૨૦૧૪ ના રોજ "ઝીરો" નંબરથી ગુનો રજીસ્ટર કરેલ અને ત્યારબાદ આમોદ પો.સ્ટે. ગુનો દાખલ કરવા મોકલવામાં આવેલ. જે અન્વયે આમોદ પો.સ્ટે. દ્વારા ગુના રજીસ્ટર નં. સેકન્ડ પાર્ટ–૫૩/૨૦૧૪ થી તા. ૦૭/૧૦/૨૦૧૪ ના રોજ તમામ આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ–૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ. ત્યારબાદ તા. ૨૧/૦૨/૨૦૨૪ ના રોજ સદર કામના આરોપીની ધરપકડ કરવામાં આવેલ અને આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી થવા પુરવણી ચાર્જશીટ રજુ કરવામાં આવેલ.

(૩) ફોજદારી કેસ રજીસ્ટર લીધા બાદ ઉપરોક્ત ગુનાનું સંજ્ઞાન લઈ આરોપીને સમન્સ કરવામાં આવેલ. આરોપીને સમન્સની બજવણી થતાં તેઓ અદાલત રૂબરૂ હાજર થતાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ ની જોગવાઈઓ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ વિનામુલ્યે આપી આરોપી વિરૂદ્ધ આંક–૦૩ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ અને આંક–

(રવિકુમાર આર.પરમાર)
જ્યુડી. મેજી. ફ.ક., આમોદ.

૦૪ થી આરોપીની પ્લી નોંધવામાં આવતાં આરોપીએ ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે. જેથી ફરીયાદ પક્ષ તર્ફે પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| અનુ. નં. | આંક | સાહેદ તથા દસ્તાવેજ નું નામ |
|---|---|---|
| ૧. | ૦૮ | અંજુમન સરફરાજ રાણા ની જુબાની |
| ૨. | ૦૯ | ફરીયાદની ખરી નકલ |
| ૩. | ૧૧ | શાહીનબેન અજીતસિંહ ગોહીલ ની જુબાની |
| ૪. | ૧૨ | આરોપીના શરીર સ્થિતિનું પંચનામું |
| ૫. | ૧૩ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૬. | ૧૫ | ત.ક. અમલદાર અંબારામ કાશીરામ ની જુબાની |

(૫) ફરીયાદપક્ષ તરફથી વિધ્વાન એ.પી.પી. શ્રી દ્વારા મૌખિક રીતે વધુ કોઇ પુરાવો આપવો ન હોવાનું જણાવી પુરાવો પુર્ણ થયાનું જાહેર કરતાં, ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ પુરાવા સંદર્ભે આરોપીનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ તેઓના વિરૂધ્ધ ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ તમામ પુરાવા નકારેલ હોય. વધુમાં જણાવેલ છે કે, સદર કામે ફરીયાદીએ ખોટી ફરીયાદ કરેલ જેના આધારે તેઓ વિરૂધ્ધ ખોટી તપાસ કરી ચાર્જશીટ કરવામાં આવેલ. વધુમાં આરોપીએ સોગંદ પર પુરાવો તથા બચાવામાં સાહેદો તપાસવા માંગતા ન હોવાનું જણાવેલ. ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષ તર્ફે વિધ્વાન એ.પી.પી. શ્રીની તથા આરોપીપક્ષ તર્ફે વિધ્વાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી તથા રેકર્ડ ઉપરના પુરાવાઓ ધ્યાને લીધા.

(૬) ઉપરોક્ત તમામ પુરાવાઓ અને કેસની હકિકતને ધ્યાનમાં લેતાં કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**(રવિકુમાર આર.પરમાર)**
**જ્યુડી. મેજી. ફ.ક., આમોદ .**

**મુદ્દા**

**(૧)** શુ ફરીયાદ પક્ષ નિઃશંક પણે પુરવાર કરે છે કે, તા. ૨૫/૦૯/૨૦૧૪ ના રોજ સદર કામના આરોપી ક્રિપાલસિંહે ફરીયાદીને ગાળો બોલી તેઓને કેસો પરત ખેંચી લેવા દબાણ કરેલ તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી ભારતીય દંડ સંહિતાની કલમ- ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યો છે ?

**(૨)** શું હુકમ ?

**(૭)** ઉપરોક્ત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં...

(૨) આખરી હુકમ મુજબ...

**// કારણો //**

**(૮)** સદર કામે પુરાવાની વિસ્તૃત ચર્ચા કરતા અગાઉ ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના તેના આવશ્યક તત્વો વિશે ચર્ચા કરવી જરૂરી બની આવે છે. જે નીચે મુજબ છે.

**કલમ-૫૦૪ અંગે નીચે મુજબના આક્ષેપિત તત્વો પુરવાર કરવાના રહે છે.**

(૧) શું આરોપીએ કોઇ વ્યકિતનું અપમાન કરેલ છે.

(૨) શું તે અપમાન ઈરાદાપુર્વક છે.

(૩) શું તે અપમાન કરીને આરોપીઓ તે વ્યક્તિને ઉશ્કેરાટનું કારણ આપ્યું.

**કલમ-૫૦૬(૨) અંગે નીચે મુજબના આક્ષેપિત તત્વો પુરવાર કરવાના રહે છે.**

(રવિકુમાર આર.પરમાર)
જ્યુડી. મેજી. ફ.ક., આમોદ .

(૧) શું આરોપીએ કોઇને ઈજા કરવાના ઈરાદાથી ધમકી આપેલી અથવા તેની આબરૂ તથા મિલ્કતને નુકશાન થાય તે માટે આવી ધમકી આપેલી અથવા આવી વ્યક્તિ જે વ્યકિતમાં રસ ધરાવતી હોય તેવી વ્યકિતને ઈજા કરવા અથવા તેની આબરૂ કે મિલ્કતને નુકશાન કરવા માટે ધમકી આપેલ હતી.

(૨) શું આરોપીએ ગુનાનો ભોગ બનનારને ચેતવણી આપવાના ઈરાદાથી આ કરેલુ.

(૩) શું આરોપીઓએ કોઈ કૃત્ય ભોગ બનનારને થાય તે માટે કરેલુ જે માટે તે કાયદેસર બંધાયેલા હતા નહી.

**કલમ-૧૧૪ અંગે નીચે મુજબના આક્ષેપિત તત્વો પુરવાર કરવાના રહે છે.**

(૧) શું ગુનો બન્યો છે.

(૨) તે ગુનામાં આરોપીએ મદદગારી કરી છે.

(૩) શું તે ગુનો બન્યો ત્યારે મદદગારની હાજરી બનાવ સ્થળે હતી.

## (૯) ફરીયાદીપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાઓ વિશે ચર્ચા

**(૯.૧)** ફરીયાદ પક્ષ દ્વારા ફરીયાદી અંજુમન સરફરાજ રાણા નાઓને આંક-૦૮ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં ટુંકમાં જણાવેલ છે કે, "તા. ૨૫/૦૯/૨૦૧૪ ના રોજ હું અને મારી બહેન શાહીન કોર્ટની મુદ્દત પતાવીને બહાર નિકળ્યા ત્યારે મારા પતિ સરફરાજ, મારા સસરા ઈશ્વરસિંહ રાયસિંહ, ઝાહેદા ઉર્ફે બેગુ તથા કિરપાલસિંહ ઉર્ફે બકુભાઇ બધા અમોને ભેગા મળી ગાળો બોલતા હતા અને કેસો પાછા ખેંચી લેવા અને છુટુ લેવા મને દબાણ કરતા હતા. એવું કહેતા હતા કે, મારા ફોઈ સાસુના દિકરી ઝાહેદા ઉર્ફે બેગુ સાથે સરફરાજ રાણાના લગ્ન કરાવવાના હોવાથી મને જબરજસ્તી છુટુ કરવા પ્રેશર કરતા હતા અને ધમકી આપતા

(રવિકુમાર આર.પરમાર)
જ્યુડી. મેજી. ફ.ક., આમોદ.

હતા. સરફરાજ સાથે તારે કોઈ લેવા–દેવા નથી. અમારે ઝાહેદાના લગ્ન સરફરાજ સાથે કરાવવાના હોવાથી બધા કેસ પાછા ખેંચી લે અને છુટાછેડા આપી દે અને અગર તુ આ છુટાછેડા નહી આપે તો તને અને તારા બાળકોને જાનથી મારી નાંખીશું તેવી ધમકીઓ આપતા હતા અને ગંદી ગાળો બોલી ત્યાંથી એ લોકો જતા રહેલ. મારી સાસરીપક્ષના બધા માથાભારે માણસો હોય તેથી તે ટાઇમે હુ ડરી ગયેલ હતી. જેથી તે દિવસે મેં આમોદ પો.સ્ટે. ફરીયાદ આપેલ નહી અને આણંદ પો.સ્ટે. તા. ૦૭/૧૦/૨૦૧૪ ના રોજ ફરીયાદ આપેલ...આંક–૦૯ વાળી ફરીયાદમાં મારી સહી છે."

ત્યારબાદ ફરીયાદીની આરોપીપક્ષ દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ કબુલ રાખેલ છે કે, **"...બનાવ વખતે આરોપી કેનેડા હતા પરંતુ એમના માસીના દિકરા મરણ થવાથી તેઓ તે વખતે આમોદ આવેલ. બનાવ વખતે આરોપીના માસીના દિકરા મરણ પામેલ હોય તેવું ફરીયાદમાં જણાવેલ નથી...સદર ૪૯૮ વાળી મેટરમાં આ કામના આરોપીનું નામ આરોપી તરીકે નથી. જ્યાં બનાવ બનેલ તેની નજીક પો.સ્ટે. હતુ. જે તે વખતે પ્રતાપસિંહ સિસોદીયા નામના પોલીસ અધિકારી મારી ઓળખાણના હતા અને તેઓ આણંદ પો.સ્ટે. નોકરી કરતા હતા...૪૯૮ વાળો કેસ આમોદથી આણંદ ટ્રાન્સફર કરાવવા મેં નામદાર હાઈકોર્ટમાં અરજી કરેલ. જે મંજુર કરેલ અને ત્યારબાદ તે કેસ આણંદ ટ્રાન્સફર કરેલ અને ત્યારબાદ મારા પતિ દ્વારા નામદાર કોર્ટમાં અરજી કરતા સદર કેસ પાછો આણંદ થી આમોદ કોર્ટમાં ટ્રાન્સફર કરેલ. જ્યાં બનાવ બનેલ ત્યાં વ્યક્તિઓ હોઈ શકે...હું પોતે એક વકીલ છું..."**

સદર ફરીયાદીની જુબાની પરથી જણાય આવે છે કે, તેઓએ પોતાની જુબાનીમાં બનાવને સમર્થનકારી જુબાની આપેલ હોય. વધુમાં તેઓની ઉલટતપાસ દરમ્યાન એવું સામે આવેલ છે કે,

(રવિકુમાર આર.પરમાર)
જ્યુડી. મેજી. ફ.ક., આમોદ.

સદર કામના આરોપી બનાવ વખતે કેનેડા રહેતા હોય. ત્યારબાદ એવું પણ સામે આવેલ છે કે, બનાવ બનેલ ત્યાં અન્ય વ્યક્તિઓ હોઇ શકે એવું ફરીયાદીએ જણાવેલ છે.

**(૯.૨)** ફરીયાદપક્ષ દ્ધારા નજરે જોનાર સાહેદ શાહીનબેન અજીતસિંહ ગોહેલ નાઓને આંક–૧૧ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં ટુંકમાં જણાવેલ છે કે, "...તા. ૨૫/૦૯/૨૦૧૪ ના રોજ બનાવ આમોદ મુકામે ચામડીયા સ્કુલ પાસે જે કોર્ટ આવેલી છે ત્યાં બનેલો. આરોપી કિરપાલસિંહ તેમજ સરફરાજભાઇ, ઇશ્વરસિંહ, ઝાહેદા ઉર્ફે બેગુ આવેલા અને તેઓએ ભેગા મળીને મારી બહેન અંજુબેન સાથે ગાળા ગાળી કરેલ અને મારી નાંખવાની ધમકી આપેલ તેમજ કેસો પાછા ખેંચી લેવા ધમકી આપેલ. જેથી મારી બહેન અંજુમન ગભરાઇ ગયેલ. જેથી અમો બંનેવ જણા ગભરાઇ ગયેલ હોવાથી બનાવવાળી જગ્યાએથી નિકળી ગયેલ અને આણંદ જઇને તા. ૦૭/૧૦/૨૦૧૪ ના રોજ અંજુમને ફરીયાદ આપેલ...બનાવ અંગે પોલીસે મારો જવાબ લીધેલ..."

ત્યારબાદ સાહેદની આરોપીપક્ષ દ્ધારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ કબુલ રાખેલ છે કે, **"...કહેવાતો બનાવ જુની આમોદ કોર્ટ પાસે બનેલ અને આમોદ કોર્ટને લગોલગ પો.સ્ટે. હતુ...બનાવ બનેલ તે જગ્યા વસ્તીવાળો વિસ્તાર હતો...ફરીયાદી મારી બહેન વકીલ છે અને આણંદમાં પ્રેક્ટીસ કરે છે..."**

સદર સાહેદની જુબાની પરથી જણાય આવે છે કે, તેઓએ પોતાની જુબાનીમાં લગભગ ફરીયાદપક્ષ કેસને સમર્થનકારી જુબાની આપેલ છે. વધુમાં તેઓની જુબાની દરમ્યાન એવુ પણ સામે આવેલ છે કે, બનાવ બનેલ તે વિસ્તાર વસ્તીવાળો હતો.

**(રવિકુમાર આર.પરમાર)**
**જ્યુડી. મેજી. ફ.ક., આમોદ .**

**(૯.૩)** ત્યારબાદ આરોપીપક્ષે શરીર સ્થિતિનું પંચનામું તેમજ ગુનાવાળી જગ્યાનું પંચનામું કબુલ રાખતા તેને આંક–૧૨ અને આંક–૧૩ આપવામાં આવેલ.

**(૯.૪)** ત્યારબાદ ફરીયાદપક્ષ દ્વારા ત.ક. અમલદાર હે.કો. અંબારામ કાશીરામ, બ.નં.૧૭૨૫ નાઓને આંક–૧૫ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં ટુંકમાં જણાવેલ છે કે, "...જે તે વખતે ત.ક. અમલદાર એ.એસ.આઇ. સુરેન્દ્રસિંહ હમીરસિહં, બ.નં. ૧૨૦૭ નાઓએ તપાસ કરેલ. ત્યારબાદ સદર કામનો આરોપી વોન્ટેડ હોય અને તે તા. ૨૧/૦૨/૨૦૨૪ ના રોજ હાજર થયેલ અને આગળની તપાસ મને સોંપવામાં આવેલ. મેં આરોપી વિરૂઘ્ધ પુરતો પુરાવો જણાય આવતા ચાર્જશીટ કરેલ..."

ત્યારબાદ ત.ક. અમલદારની આરોપીપક્ષ દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ કબુલ રાખેલ છે કે, **"...બનાવ આમોદની જુની કોર્ટ પાસે બનેલ અને તેને અડીને અમારુ પો.સ્ટે. આવેલ છે...સદર કામનો આરોપી એન.આર.આઇ. છે...તપાસ દરમ્યાન મેં કે મારા પુરોગામી ત.ક. અમલદારે કોઇ આજુબાજુના રહીશો કે રાહદારીના નિવેદનો લીધેલ નથી..."**

**(૯.૫)** ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૨૦ વાળી પુરસીસ થી જાહેર કરવામાં આવેલ કે તેઓ સદર કામે સાહેદ હજીરાબેગમ, પરવેઝખાન, એ.એસ.આઇ. અરૂણભાઇ, એ.એસ.આઇ. સુરેન્દ્રસિંહ, એ.એસ.આઇ. શનાભાઇ, અ.હે.કો. રાજેશભાઇ તથા અ.હે.કો. વનરાજભાઇ નાઓને તપાસવા માંગતા ન હોય અને તે રીતે ચાર્જશીટમાં જણાવેલ સાહેદ નં. ૦૭ થી ૧૪ ને તેઓ ડ્રોપ કરતા હોય.

**(રવિકુમાર આર.પરમાર)**
**જ્યુડી. મેજી. ફ.ક., આમોદ .**

(૯.૬) ત્યારબાદ ફરીયાદપક્ષ દ્વારા મૌખિક રીતે પુરાવો પુર્ણ થયેલ હોવાનું જાહેર કરાતા કામ આરોપીના વધારાના નિવેદનના સ્ટેજ પર રાખવામાં આવેલ.

**દલીલો વિશે ચર્ચાઃ–**

(૧૦) ફરીયાદપક્ષના વિધ્વાન એ.પી.પી. શ્રી નાઓએ મૌખિક દલીલ દરમ્યાન આરોપી સામે આક્ષેપાયેલ કલમ–૫૦૪, ૫૦૬(૨) તથા ૧૧૪ ના ગુનાના આવશ્યક તત્વો વિશે નામદાર કોર્ટનું ધ્યાન દોરેલ. વધુમાં તેઓએ દલીલ કરેલ કે, સદર કામે ફરીયાદી અને નજરે જોનાર સાહેદ શાહીનબેને ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી જુબાની આપેલ હોય અને તેઓની ઉલટતપાસ દરમ્યાન પણ આરોપીપક્ષ કોઇ મટીરીયલ કોન્ટ્રાડીક્શન સામે લાવેલ નથી. વધુમાં સદર સાહેદોની ઉલટતપાસ ધ્યાનપુર્વક વંચાણે લેવામાં આવે તો, આરોપીપક્ષના વિધ્વાન વકીલશ્રીએ ઇ.પી.કો. ની કલમ–૫૦૪, ૫૦૬(૨) મુજબના ગુનાના આવશ્યક તત્વોને સ્પર્શ કરે તે મુજબના કોઇ પ્રશ્ન પુછેલ નથી. વધુમાં સદર ફરીયાદ મોડી આપવાનો ખુલાસો ફરીયાદપક્ષના કેસમાં જ જાહેર કરવામાં આવેલ હોય કે ફરીયાદી ડરી ગયેલ હોવાથી ફરીયાદ મોડી અપાયેલ. વધુમાં ફરીયાદ આમોદ ખાતે ન આપી આણંદ ખાતે આપેલ હોય અને આણંદ ખાતે ઝીરો નંબરથી સદર ગુનાની એફ.આઇ.આર. નોંધવામાં આવેલ હોય તે બાબત પણ કાયદાકીય જ હોય અને તેનાથી આરોપીપક્ષને કોઇ ફાયદો થતો ન હોય. આમ, ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનું તહોમત સાબિત કરવામાં પુરેપુરા સફળ નિવળેલ હોય, જેથી આરોપીને આક્ષેપાયેલ ગુના સબબ તકસીરવાન ઠરાવી મહત્તમ સજા કરવા તેઓએ વિનંતી કરેલ છે.

વધુમાં ફરીયાદી તર્ફેના ખાનગી વિધ્વાન વકીલશ્રીએ કોઇ વિશેષમાં કોઇ બીજી દલીલ કરેલ નથી.

વળી, તેની સામે આરોપીના વિધ્વાન વકીલશ્રીએ પોતાની મૌખિક દલીલ દરમ્યાન જણાવેલ કે, ફરીયાદીએ આરોપીઓ પર ખોટુ દબાણ લાવવા

ખોટો બનાવ ઉભો કરી સદર કેસ કરેલ. બનાવ વખતે આરોપી કેનેડા ખાતે રહેતા હોય જે હકિકત સાહેદોએ તેમજ ત.ક. અમલદારે પણ સ્વીકારેલ છે. વધુમાં દલીલ કરેલ કે, ફરીયાદપક્ષના સાહેદોએ આરોપીઓ વિરૂઘ્ધ આક્ષેપાયેલ ગુનાને સમર્થનકારી કોઇ જુબાની આપેલ ન હોય. વધુમાં સદર કામે કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલ ન હોય. સદર કામના સહ આરોપીઓ વિરૂઘ્ધ કેસ ચાલી જઇ તેઓને નામદાર કોર્ટે નિર્દોષ ઠરાવેલ હોય અને આમ, ફરીયાદપક્ષ આરોપી વિરૂઘ્ધ ફરમાવવામાં આવેલ તહોમતનામું સાબિત કરવામાં પુરેપુરા નિષ્ફળ ગયેલ હોય, જે સંજોગોમાં આરોપીને નિર્દોષ ઠરાવવા વિનંતિ કરેલ છે. વધુમાં આરોપીપક્ષે આંક–૨૧ વાળા દસ્તાવેજી પુરાવા લિસ્ટથી ફોજદારી કેસ નં. ૩૦૬/૨૦૧૭ અને ૩૬૭/૨૦૧૫ ના જજમેન્ટની સર્ટીફાઇડ નકલ રજુ કરવામાં આવેલ છે. વધુમાં તેઓએ પોતાની દલીલનો આધાર નીચે મુજબના ચુકાદાઓ ઉપર રાખેલ અને તે ચુકાદાઓ નામદાર કોર્ટમાં રજુ કરેલ. જે નામદાર કોર્ટે માનસહ વંચાણે લીધેલ છે.

૧. પ્રવિણભાઇ બેચરભાઇ વણકર વિરૂઘ્ધ સ્ટેટ ઑફ ગુજરાત, (૨૦૦૭)૧, જી.એલ.એચ. ૩૩૭.

૨. યોગેશસિંગ વિરૂઘ્ધ મહાબીરસિંગ, એ.આઇ.આર. ૨૦૧૬, સુપ્રિમ કોર્ટ ૫૧૬૦.

## (૧૧) <u>પુરાવાઓનું મુલ્યાંકનઃ–</u>

**(૧૧.૧)** આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાય શાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંત મુજબ ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે અને જ્યાં સુધી આરોપીઓ સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવું જોઇએ. વધુમાં ફરીયાદપક્ષ આરોપીઓ સામે જે આક્ષેપ સાબીત કરવા માંગતા હોય તે આક્ષેપ

(રવિકુમાર આર.પરમાર)
જ્યુડી. મેજી. ફ.ક., આમોદ .

ફરીયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવું જોઈએ.

**(૧૧.૨)** સદર કેસમાં આરોપી પર આરોપ છે કે, સદર કામના આરોપીએ અન્ય સહ આરોપીઓએ તા. ૨૫/૦૯/૨૦૧૪ ના રોજ સદર કામના ફરીયાદીને ગાળો બોલેલ અને કેસ પરત ખેંચી લેવા તેમજ છુટાછેડા લઈ લેવા જાનથી મારી નાંખવાની ધમકીઓ આપેલ.

**(૧૧.3)** હવે જો સદર કામે ફરીયાદપક્ષ દ્બારા રજુ થયેલા પુરાવાઓ અને આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપાયેલ ગુનાઓના તહોમત વિશે ચર્ચા કરીએ તો તે નીચે મુજબ છે.

**ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ અને ૫૦૬(૨) ના તહોમત વિશે ચર્ચાઃ–**

**(૧૧.૪)** કલમ–૫૦૪ નું તહોમત સાબિત કરવા ફરીયાદપક્ષે શંકાથી પરે સાબિત કરવાનું હોય છે કે, આરોપીઓ દ્બારા કરવામાં આવેલ ઉશ્કેરાટ ના કારણે ફરીયાદી અને ભોગ બનનાર નાઓએ જાહેર સુલેહ શાંતિનો ભંગ કરેલ. અથવા તો તેવું જાણતા હોવા છતાં ઈરાદાપુર્વક ફરીયાદી કે ભોગ બનનાર નાઓનું અપમાન કરીને ઉશ્કેરાટનું કારણ આપ્યું.

**(૧૧.૫)** ત્યારબાદ કલમ–૫૦૬(૨) નું તહોમત સાબિત કરવા ફરીયાદપક્ષે શંકાથી પરે સાબિત કરવાનું હોય છે કે, આરોપીઓએ ફરીયાદી અને સાહેદને એ રીતે મૃત્યુ નિપજાવવાની કે મહાવ્યથા પહોંચાડવાની ધમકી આપેલ કે જેથી ફરીયાદી અને સાહેદ નાઓ ભયભીત થઈ ગયેલ અને તે ધમકી નો અમલ અટકાવવા પોતે

(રવિકુમાર આર.પરમાર)
જયુડી. મેજી. ફ.ક., આમોદ.

જે કરવા કાયદેસર કરવા બંધાયેલ ન હોય તે કામ કરેલ અથવા તો જે કરવાનો પોતે કાયદેસરનો હક્ક હોય તે કામ ન કરેલ.

**(૧૧.૬)** વળી, આ તબક્કે ઈ.પી.કો. કલમ–૫૦૪ અને ૫૦૬(૨) ના વિષયમાં નામદાર સુપ્રિમ કોર્ટના તાજેતરમાં આવેલા ચુકાદા વિશે ચર્ચા કરવામાં આવે તો, નામદાર સુપ્રિમ કોર્ટે, **MOHAMMAD WAJID & ANR. VS STATE OF U.P. & ORS. 2023(0) AIJEL-SC 72172** માં જણાવેલ છે કે,

24. An offence under Section 503 has following essentials:-

1) Threatening a person with any injury;

(i) to his person, reputation or property; or

(ii) to the person, or reputation of any one in whom that person is interested.

2) The threat must be with intent;

(i) to cause alarm to that person; or

(ii) to cause that person to do any act which he is not legally bound to do as the means of avoiding the execution of such threat; or

(iii) to cause that person to omit to do any act which that person is legally entitled to do as the means of avoiding the execution of such threat.

25. Section 504 of the IPC contemplates intentionally insulting a person and thereby provoking such person insulted to breach the peace or intentionally insulting a person knowing it to be likely that the

person insulted may be provoked so as to cause a breach of the public peace or to commit any other offence. Mere abuse may not come within the purview of the section. But, the words of abuse in a particular case might amount to an intentional insult provoking the person insulted to commit a breach of the public peace or to commit any other offence. If abusive language is used intentionally and is of such a nature as would in the ordinary course of events lead the person insulted to break the peace or to commit an offence under the law, the case is not taken away from the purview of the Section merely because the insulted person did not actually break the peace or commit any offence having exercised selfcontrol or having been subjected to abject terror by the offender. In judging whether particular abusive language is attracted by Section 504, IPC, the court has to find out what, in the ordinary circumstances, would be the effect of the abusive language used and not what the complainant actually did as a result of his peculiar idiosyncrasy or cool temperament or sense of discipline. It is the ordinary general nature of the abusive language that is the test for considering whether the abusive language is an intentional insult likely to provoke the person insulted to commit a breach of the peace and not the

particular conduct or temperament of the complainant.

26. Mere abuse, discourtesy, rudeness or insolence, may not amount to an intentional insult within the meaning of Section 504, IPC if it does not have the necessary element of being likely to incite the person insulted to commit a breach of the peace of an offence and the other element of the accused intending to provoke the person insulted to commit a breach of the peace or knowing that the person insulted is likely to commit a breach of the peace. Each case of abusive language shall have to be decided in the light of the merely uses abusive language against the complainant. In King Emperor v. Chunnibhai Dayabhai, (1902) 4 Bom LR 78 , a Division Bench of the Bombay High Court pointed out that:-

"To constitute an offence under Section 504, I.P.C. it is sufficient if the insult is of a kind calculated to cause the other party to lose his temper and say or do something violent. Public peace can be broken by angry words as well as deeds. " (Emphasis supplied)

27. A bare perusal of Section 506 of the IPC makes it clear that a part of it relates to criminal intimidation. Before an offence of criminal intimidation is made

(રવિકુમાર આર.પરમાર)
જ્યુડી. મેજી. ફ.ક., આમોદ.

out, it must be established that the accused had an intention to cause alarm to the complainant.

28. In the facts and circumstances of the case and more particularly, considering the nature of the allegations levelled in the FIR, a prima facie case to constitute the offence punishable under Section 506 of the IPC may probably could be said to have been disclosed but not under Section 504 of the IPC allegations with respect to the offence punishable under Section 504 of the IPC can also be looked at from a different perspective. In the FIR, all that the first informant has stated is that abusive language was used by the accused persons. What exactly was uttered in the form of abuses is not stated in the FIR. One of the essential elements, as discussed above, constituting an offence under Section 504 of the IPC is that there should have been an act or conduct amounting to intentional insult. Where that act is the use of the abusive words, it is necessary to know what those words were in order to decide whether the use of those words amounted to intentional insult. In the absence of these words, it is not possible to decide whether the ingredient of intentional insult is present."

(રવિકુમાર આર.પરમાર)
જ્યુડી. મેજી. ફ.ક., આમોદ.

**(૧૧.૭)** ફરીયાદી તથા નજરે જોનાર સાહેદ નાઓએ પોતાની જુબાનીમાં એવું જણાવેલ કે, આ કામના આરોપીઓએ તેઓને કેસ પરત ખેંચી લેવા તેમજ છુટાછેડા લઈ લેવા માટે ગાળો બોલેલ. પરંતુ આરોપીઓએ ફરીયાદી કે સાહેદને કઈ ચોક્કસ ગાળ આપેલ તે રેકર્ડ પર આવવું જરૂરી છે. ફક્ત એટલુ કહી દેવાથી કે આરોપીઓએ ગાળા ગાળી કરેલ અને અપશબ્દો બોલેલ તેનાથી ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ મુજબના ગુનાના આવશ્યક તત્વો પુરવાર થઈ જતા નથી. વળી, સાહેદોએ ચોક્કસ જણાવવું પડે કે, આરોપીઓ કઈ પ્રકારની ગાળો બોલેલ તેમજ એવું પણ પુરવાર કરવુ પડે કે, આરોપીનો ગાળો બોલવાનો ઈરાદો ફરીયાદી કે સાહેદો જાહેર સુલેહ શાંતિ ભંગ કરે તેવો હતો.

**(૧૧.૮)** આમ, જો ઉપરોક્ત જજમેન્ટમાં જણાવેલ સિધ્ધાંતો અને આ કામે આવેલ પુરાવા સાથે મુલવવામાં આવે તો હાથ પરના કેસમાં આ કામના આરોપીએ ફરીયાદી તથા સાહેદોને સુલેહનો ભંગ કરવા ઉશ્કેરવા માટે ઈરાદાપુર્વક અપમાન કરેલ હોય તેવી કોઈ હકિકત રેકર્ડ પર આવવા પામેલ નથી. આમ, આ કામના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ મુજબના ગુનાના આવશ્યક તત્વો પુરવાર થયેલ ન હોય તેઓને સદર ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૧.૯)** ત્યારબાદ સદર કેસમાં આરોપી પર આરોપ છે કે, તેઓએ ફરીયાદી અને સાહેદને ગાળો બોલી અપમાન કરેલ અને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ.

**(૧૧.૧૦)** આમ, જો ઉપરોક્ત ચુકાદો એપ્લાય કરવામાં આવે તો જણાય આવે છે કે, ફક્ત ને ફક્ત કોઈ વ્યક્તિને જાનછી મારી

**(રવિકુમાર આર.પરમાર)**
**જ્યુડી. મેજી. ફ.ક., આમોદ .**

નાંખવાની ધમકી આપવાથી ઇ.પી.કો. ની ૫૦૬(૨) અન્વયેનો ગુન્હો બની રહેતો નથી. વળી, નામદાર કોર્ટ સમક્ષ પુરાવામાં એમ સામે આવેલ નથી કે, આરોપી દ્ધારા અપાયેલ ધમકીના લીધે ફરીયાદી અને ભોગ બનનાર નાઓ ભયભીત થઇ ગયેલા હોય કે સદર ધમકીના અસર નીચે, પોતે જે કાયદેસર બંધાયેલ ન હોય તે કામ કરેલ કે પોતાને કાયદેસરનો હક્ક હોય તે કામ ન કરેલ. જેથી સદર કામે ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ ઇ.પી.કો. ની કલમ–કલમ–૫૦૬(૨) નું તહોમત સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેવું નામદાર કોર્ટનું માનવું છે.

**ભારતીય દંડ સંહિતાની કલમ–૧૧૪ ના તહોમત વિશે ચર્ચાઃ–**

**(૧૧.૧૧)** કલમ–૧૧૪ નું તહોમતનામું પુરવાર કરવા માટે રેકર્ડ પર આવવું જરૂરી છે કે, આરોપીઓએ એકબીજાને ગુન્હો કરવા માટે દુષ્પ્રેરણ આપ્યું હોય. વળી, ટ્રાયલ દરમ્યાન એવું સામે આવેલ નથી કે કોઇ પણ આરોપીએ બીજા આરોપીને ઉશ્કેરેલ હોય કે કાવતરામાં સામેલ થયેલ હોય કે ઇરાદામાં મદદ કરેલ હોય. આમ, ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૧૪ નું તહોમત સાબિત કરવા નિષ્ફળ ગયેલ હોય તેવું નામદાર કોર્ટનું માનવું છે.

**(૧૧.૧૨)** આ ઉપરાંત સદર કામે વિધ્વાન એ.પી.પી. શ્રીની મુખ્ય દલીલ કે, સદર કામે સાહેદોની ઉલટતપાસ દરમ્યાન આરોપીપક્ષ દ્ધારા ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ અને ૫૦૬(૨) ના આવશ્યક તત્વોને સ્પર્શતા વિશિષ્ટ પ્રશ્નો પુછવામાં આવેલ નથી કે તે અંગે કોઇ ચોક્કસ સુચન કરતા કોઇ પ્રશ્નો પુછવામાં આવેલ નથી, તે વિશે પણ ચર્ચા કરવી જરૂરી છે.

વળી, નામદાર કોર્ટના મત મુજબ બચાવપક્ષ દ્ધારા ફરીયાદી તથા અન્ય સાક્ષીઓની ઉલટતપાસ દરમ્યાન આરોપી

**(રવિકુમાર આર.પરમાર)**
**જ્યુડી. મેજી. ફ.ક., આમોદ .**

વિરૂધ્ધ આક્ષેપાયેલ ગુનાના આવશ્યક તત્વોને સ્પર્શતા પ્રશ્નો ન પુછવામાં આવે તેમ છતાં ફોજદારી કેસમાં માત્ર ઉલટતપાસને આધારે આરોપીને તકસીરવાન ન ઠરાવી શકાય. વળી, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીનો દોષ વ્યાજબી શંકાથી પર સાબિત કરવાનો બાધ પુરેપુરો ફરીયાદપક્ષ પર રહેલ છે અને તેથી અત્રેની કોર્ટ સમક્ષ ઉપલબ્ધ મૌખિક અને દસ્તાવેજી પુરાવાના સ્વતંત્ર મુલ્યાંકન પરથી કોર્ટને સંતોષ થવો જરૂરી છે કે ફરીયાદપક્ષ દ્વારા ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ તથા ૫૦૬(૨) ના ગુનાના તમામ આવશ્યક તત્વો નિઃશંકપણે સાબિત થયેલા છે. પરંતુ ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ પુરાવાનું મુલ્યાંકન કરતા નામદાર કોર્ટને જણાય આવે છે કે, ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ સદર બંને ગુનાઓના આવશ્યક તત્વો વ્યાજબી શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. તેથી માત્ર બચાવપક્ષ દ્વારા અસરકારક ઉલટતપાસ ન કરવામાં આવેલ હોવા માત્રથી આરોપીને ગુનામાં તકસીરવાન ન ઠરાવી શકાય.

**(૧૧.૧૩)** વધુમાં સદર કામે કોઈ સ્વતંત્ર સાહેદનો પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય અને ફક્ત ને ફક્ત ફરીયાદી અને તેઓનું હિત ધરાવતા સાહેદ એવા ફરીયાદીના બહેનનો મૌખિક પુરાવો માની લઈ આરોપીને તકસીરવાન ઠરાવવાનું નામદાર કોર્ટને યોગ્ય જણાય આવતુ ન હોય.

**<u>આખરી તારણઃ–</u>**

**(૧૨)** આમ, ઉપરોક્ત ચર્ચા મુજબ ફરીયાદપક્ષ સદર કામના તા. ૨૫/૦૯/૨૦૧૪ ના રોજ સદર કામના આરોપી કિરપાલસિંહે ફરીયાદીને ગાળો બોલી તેઓને કેસો પરત ખેંચી લેવા દબાણ કરેલ હોય તેમજ છુટાછેડા લેવા દબાણ કરેલ હોય અને જાનથી મારી નાંખવાની ધમકી આપી

(રવિકુમાર આર.પરમાર)
જ્યુડી. મેજી. ફ.ક., આમોદ .

એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ અંતર્ગત કોઇ ગુનો કરેલ હોય, તેવુ શંકાથી પરે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય અને જેથી **મુદ્દા નંબર–૧** નો નિર્ણય **નકારમાં** નિર્ણત કરી **મુદ્દા નંબર–૨** પરત્વે આખરી હુકમ મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// આખરી હુકમ //**

(૧) આ કામના આરોપી **ક્રિપાલસિંહજી ઉર્ફે બકુ વિરેન્દ્રસિંહજી ઝાલા,** રહે. બી–૫, શબનમ એપાર્ટમેન્ટ, એમ.એસ.ડબલ્યુ. કોલેજ પાસે, ફતેગંજ, વડોદરા નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના આ અગાઉના રેકર્ડ પરના જામીન તેમજ જાત મુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(એ) મુજબના જામીન દીન–૦૩ માં રજુ કરવા.

હુકમ આજ તા. ૦૮ મી, માહે–ઑગષ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૮/૦૮/૨૦૨૬ (રવિકુમાર આર. પરમાર)
સ્થળઃ આમોદ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
આમોદ.
સ્ટેનો – એ.યુ.ગોહેલ જજ કોડ–જીજે ૦૧૬૦૩

**(રવિકુમાર આર.પરમાર)**
**જ્યુડી. મેજી. ફ.ક., આમોદ.**